અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in
Phone : - 079 - 27545051-54 Fax: - 079 - 27545061

ટેન્ડર નિવિદા

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ દ્વારા સરદાર પટેલ રીંગરોડના આવેલા સનાથલ બ્રીજ, શાંતિપુરા બ્રીજ તથા ઓઢવ બ્રીજ નીચે ગાળાના પિલ્લર્સ પર જાહેરાતમાં સાઈનેજ મારફતે જાહેરાતનો પરવાનો મેળવવા માટે એજન્સીઓ/ઇજારેદારશ્રીઓ પાસેથી ઓન-લાઇન ટેન્ડર **તા.૦૫/૧૧/૨૦૨૬ થી તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦** કલાક સુધી મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડરની વિગત અત્રેની કચેરીના જાહેર નોટીસ બોર્ડ તેમજ ઔડાની વેબસાઈટ www.auda.org.in તથા https://e-auction.nprocure.com પરથી જોવા મળશે જ્યારે https://e-auction.nprocure.com સાઇટ ઉપરથી ડાઉનલોડ/અપલોડ કરી શકાશે. ટેન્ડર ભરવા માટે N-Code Solution, 403, GNFC Info Tower, Bodakdev, Ahmedabad ટોલ ફ્રી નં.: ૭૩૫૯૦૨૧૬૬૩ તથા email id| nprocure@ncode.in નો સંપર્ક કરવા વિનંતી છે.

નોંધ પર માન. મુ.કા.અ.શ્રીની મળેલ મંજુરી અનુસાર

ક્રમાંક :ઔડા/એસ્ટેટ/જાહેરાત/સાઈનેજ/ટેન્ડર નિવિદા/૧૭૭૦૫
તારીખ :૦૪/૧૧/૨૦૨૬

-સહી-
એસ્ટેટ અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in

Phone : - 079 - 27545051-54 Fax: - 079 - 27545061

ઈ-ટેન્ડર કમ ઈ-ઓકશન માટેની ટેન્ડર નોટીસ.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સરદાર પટેલ રીંગરોડના આવેલા બ્રીજ નીચે ગાળાના પિલ્લર્સ પર જાહેરાતમાં સાઈનેજ મારફતે જાહેરાતનો પરવાનો મેળવવાની સુવર્ણ તક

ટેન્ડર નંબર	.....
સંપૂર્ણ વિગતો તથા માહિતી સાથેનું ટેન્ડર ફોર્મ ઉપલબ્ધ	www.auda.org.in (ફક્ત જાણકારી હેતુ)
	https://e-auction.nprocure.com (ઓકશન ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરવા માટે)
ઈ-ઓકશન માટે ઓન-લાઈન રજીસ્ટ્રેશન શરૂ થવાની તારીખ અને સમય	તા:૦૫/૧૧/૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકથી ચાલુ થશે.
ટેન્ડર ફી અને EMD ભરવાની છેલ્લી તારીખ અને સમય	રજીસ્ટ્રેશન થયા બાદ તા:૨૫/૧૧/૨૦૨૬ સાંજના ૧૬:૦૦ કલાક સુધીમાં https://e-auction.nprocure.com ઉપર ઓનલાઈન જમા કરાવી દેવાની રહેશે.
સીલ બીડ ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ અને સમય	તા:૨૭/૧૧/૨૦૨૬ સાંજના ૧૮:૦૦ કલાક સુધી
ઓનલાઈન ઈ-ઓકશન અનુસારની બિડીંગની તારીખ અને સમય	પત્રકમાં જે-તે ટેન્ડર સામે દર્શાવેલ તારીખ તથા સમયગાળા મુજબ શિડ્યુલ-એ મુજબ

તા.

એસ્ટેટ અધિકારી

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

અમદાવાદ

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in

Phone : - 079 - 27545051-54 Fax: - 079 - 27545061

ટેકનીકલ બીડ/ધંધાકીય વિગતો

ઓનલાઈન ટેન્ડર-કમ-ઓકશનમાં મોડ્યુલ ઈ-ઓકશનનું ટેન્ડર ફોર્મ (સાઈનેજ માટે)

(ઓનલાઈન ઓકશન પૂર્ણ થયા બાદ હાઈએસ્ટ બીડર દ્વારા નીચે મુજબના ક્રમમાં જમા કરાવવા પાત્ર)

ક્રમ	વિગત	પૂર્તતા
૧	ટેન્ડર નં.	
૨	ટેન્ડર/એજન્સીનું નામ	
૩	સરનામુ	
૪	ટેલીફોન/મોબાઈલ	
૫	પરમેનેન્ટ એકાઉન્ટ નંબર(પાન નં.)	(બિડાણ પાના નં.....)
૬	બેંકનું નામ	(બિડાણ પાના નં.....)
૭	બ્રાન્ચનું નામ અને સરનામુ	(બિડાણ પાના નં.....)
૮	ખાતાનો પ્રકાર	
૯	ખાતાનો એકાઉન્ટ નંબર	
૧૦	બેંકનો MICR નંબર	(બિડાણ પાના નં.....)
૧૧	બેંકનો IFSC Code નંબર	(બિડાણ પાના નં.....)
૧૨	પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની વિગત	(બિડાણ પાના નં.....)
	ગુમાસ્તાધારા સર્ટીફીકેટની વિગત	(બિડાણ પાના નં.....)
૧૩	GST રજીસ્ટ્રેશની વિગત	(બિડાણ પાના નં.....)
૧૪	પેઢીનો પ્રકાર(પ્રોપરાઈટરશીપ, પાર્ટરનરશીપ, પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ વિગેરે)	(બિડાણ પાના નં.....)
૧૫	બિડર કોઈપણ ઓર્ગેનાઈઝેશન/કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન/લોકલ સેલ્ફ ગર્વમેન્ટ/સક્ષમ સત્તા દ્વારા બ્લેક લીસ્ટ કરવામાં આવેલ હોવો જોઈએ નહીં. તે માટે આ સાથે સામેલ રાખેલ ફોર્મેટ મુજબ રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામુ રજુ કરવું.	(બિડાણ પાના નં.....)

એજન્સી/સંસ્થાનું નામ:.....

એજન્સી/સંસ્થાનું પુરૂ સરનામુ:.....

ટેન્ડરર/પ્રતિનિધિનું પુરૂ નામ:.....

હોદ્દો:.....

ટેન્ડરર/પ્રતિનિધિની સહી:

એજન્સી/સંસ્થાનો સિક્કો:

તારીખ:

સ્થળ:

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪

Email: info-auda@gujarat.gov.in Web Site: www.auda.org.in

Phone : - 079 - 27545051-54 Fax: - 079 - 27545061

શિડ્યુલ-એ

ઓનલાઈન ટેન્ડર-કમ-ઓકશનમાં મોડ્યુલ ઈ-ઓકશનનું ટેન્ડર ફોર્મ (સાઈનેજ માટે)

ટેન્ડર નં. .....

ટેન્ડર ફોર્મ ફી કિંમત રૂ.૧૫૦૦/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)નોન રીફંડેબલ

(ઓનલાઈન ઓકશન પૂર્ણ થયા બાદ હાઈએસ્ટ બીડર દ્વારા જમા કરાવવા પાત્ર)

વિગત	ઈ-ઓકશનની બિડીંગની તારીખ અને સમય	અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) રકમ રૂ.	અપસેટ પ્રાઈઝ પ્રતિ બ્રીજ/પ્રતિ વર્ષ	ચુકવ્યાની વિગત
સનાથલ બ્રીજ	તા:૦૧/૧૨/૨૦૨૬ **સમય: ૧૧:૦૦ થી ૧૧:૩૦**	૨૪,૦૦૦/-	૮,૦૦,૦૦૦/-	
શાંતિપુરા બ્રીજ	તા:૦૧/૧૨/૨૦૨૬ **સમય: ૧૨:૦૦ થી ૧૨:૩૦**	૩૦,૦૦૦/-	૧૦,૦૦,૦૦૦/-	
ઓઢવ બ્રીજ	તા:૦૧/૧૨/૨૦૨૬ **સમય: ૧૩:૦૦ થી ૧૩:૩૦**	૧૮,૦૦૦/-	૬,૦૦,૦૦૦/-	

- પરવાનગી મુદ્દત દરમ્યાન સરકારશ્રીના ધારાધોરણ મુજબનો જી.એસ.ટી. તેમજ સરકારી/અર્ધ સરકારી તમામ પ્રકારનાં વખતો વખત લાગુ પડતા કરવેરા પરવાનેદારે અલગથી ભરવાના રહેશે.

ટેન્ડર કમ ઈ-ઓકશન ઓનલાઈન પ્રોસેસ અને ટેન્ડર અંગેની જાણકારી, રજીસ્ટ્રેશન કે લોગઈન સહિતની કોઈપણ બાબતે વેબ-સાઈટ સંબંધિત ટેકનીકલ સહાય/સલાહ તથા અન્ય માહિતી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઓફિસના સરનામેથી રજાના દિવસો સિવાયના ઓફિસ સમય દરમ્યાન મેળવી શકાશે.

શિડ્યુલ-બી

-: ઓનલાઈન ઈ-ટેન્ડર-કમ-ઈ-ઓકશનની શરતો/બોલીઓ :-

ટેન્ડર નં.....

૧. ઇ-ટેન્ડર કમ ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે સૌ પ્રથમ સત્તામંડળની વેબ-સાઈટ www.auda.org.in પર અને ત્યારબાદ nprocure ની વેબ-સાઈટ https://e-auction.nprocure.com ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. એડવીઝન અને nprocure માં અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તો ફરીથી કરાવવાનું રહેશે નહી. રજીસ્ટ્રેશન બાદ જ ઓક્શનમાં ભાગ લેવા માટે https://e-auction.nprocure.com આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૨. રજીસ્ટ્રેશનની ઓનલાઈન પ્રક્રિયામાં ટેન્ડરર દ્વારા પ્રથમ ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) ભરવાની રહેશે ત્યારબાદ ટેન્ડરમાં જણાવેલ નિયત સમય દરમ્યાન સીલ બીડની ઓફર ફરજિયાત સબમીટ કરવાની રહેશે. સીલ બીડની ઓફર અપસેટ પ્રાઈઝ કરતા વધુ ભરવાની રહેશે. આમ ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) તથા સીલ બીડની ઓફર આપેલ હશે તે જ ટેન્ડરર ઇ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. જો ટેન્ડરર દ્વારા ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) ભરેલ હશે પરંતુ સીલ બીડની ઓફર નિયત સમયમાં ભરેલ નહી હોય તો અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) જપ્ત કરવામાં આવશે.

૩. રજીસ્ટ્રેશનની ઓનલાઈન પ્રક્રિયામાં ટેન્ડરર દ્વારા જણાવેલ મોબાઈલ નંબર અને ઈ-મેઇલ એડ્રેસ જ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેઈલ એડ્રેસ તરીકે રહેશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્રવ્યવહાર તરીકે ગણવાના રહેશે. આવા રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર કે ઈ-મેઈલ એડ્રેસમાં ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની તથા તમામ જગ્યાએ અપડેશન કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૪. ઈ-ઓક્શન મોડયુલ અંતર્ગતના તમામ સ્ટેજમાં તારીખ તથા સમયનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. ટેન્ડર ભરવાની સમય મર્યાદામાં ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD)ની રકમો ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ટ અને નેટ બેંકીંગથી માત્ર ઓન લાઈન પેમેન્ટથી જ જમા કરાવવાની રહેશે.

૬. ઈ-ઓક્શન અંગે માંગ્યા મુજબની વિગતો ઓન-લાઈન ભરી ડોક્યુમેન્ટ સહિત ટેકનિકલ બીડ સમય મર્યાદામાં વેબસાઈટ પર અપલોડ કરવાનાં રહેશે.

૭. ઓફરદારે ટેન્ડરના સંદર્ભે ધંધાકીય બાબતો અંગે નીચે જણાવ્યા સહિતના જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે.

a) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ/ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ.
b) પરમેનેન્ટ એકાઉન્ટ નંબર(પાનકાર્ડ)ની નકલ.
c) જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની નકલ.
d) ધંધા વ્યવસાયના પ્રકાર વિષયક ઓળખ સંબંધિત ડોક્યુમેન્ટ દા.ત.પ્રોપરાઈટર હોય તો લેટરપેડ ઉપર સેલ્ફ ડેકલેરેશન/ભાગીદારીની પેઢીએ દરેક ભાગીદારના નામ સાથે, વિગતો સહિત પાર્ટનરશીપ ડીડ/HUF માટે કર્તાનાં પાવર ઓફ એટર્ની અને ડીડ/પ્રાઇવેટ લી. તથા લીમીટેડ કંપની માટે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ દ્વારા ઇસ્યુ કરાયેલ “સર્ટીફિકેટ ઓફ ઇનકોર્પોરેશન"(ધંધાના પ્રકાર મુજબ જે લાગુ પડતું હોય તે ડોક્યુમેન્ટ કાયદેસરની ઓળખના પૂરાવા તરીકે અપલોડ/રજૂ કરવાનાં રહેશે.)

૮. રજીસ્ટ્રેશનની ઓનલાઈન પ્રક્રિયામાં ટેન્ડરર દ્વારા ભરવામાં આવેલ મહત્તમ સીલ બીડની રકમથી ઈ-ઓક્શનની શરૂઆત કરવામાં આવશે અને હરાજી સમયે મહત્તમ સીલ બિડ કરતાં વધુ બોલી બોલવાની રહેશે.

૯. જે તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઈસ ઉપર ઈ-ઓક્શન દરમ્યાન બોલી/ઓકશન તરીકે પ્રત્યેક વખતે રૂ. ૫,૦૦૦/- લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં બોલીની રકમ બિડ કરવાની રહેશે. ઈ-ઓકશન પૂરા થવાના સમયગાળાની છેલ્લી ૫(પાંચ) મિનિટ દરમિયાન બિડીંગ થતાં બિડ પ્રક્રિયા બંધ થવાનો સમયગાળો વધુ ૫ (પાંચ) મિનિટના સ્લેબમાં આપોઆપ વધતો જશે. આ મુજબ છેલ્લી ૫(પાંચ) મિનિટ કોઈ બીડ વધારા(હાયર બિડીંગ ઇન્સ્ટન્સ) વિના પસાર થયે જ બિડ પ્રક્રિયા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવશે.

૧૦. ટેન્ડર કમ ઈ-ઓકશનમાં કોઈપણ બિડર/ટેન્ડરર દ્વારા આપેલ મહત્તમ ઑફર સ્વીકારવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે.

૧૧. ઈ-ઓક્શનની પ્રક્રિયા દરમિયાન બિડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઈપણ બિડરનું નામ ડિસ્કલોઝ(જાહેર) થશે નહીં. માત્ર જે તે બિડર પોતે જે તે બિડમાં હાઈએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ-ઇનમાં જાણી શકશે.

૧૨. ઓનલાઇન ઓકશનની પ્રક્રિયા સર્વર રિસ્પોન્સ ટાઈમ ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વિગેરેને આધારીત હોઈ, બિડિંગ કરવા માટે બિડિંગ પૂર્ણ થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બિડ કરતાં અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં આવેલ બિડીંગને લીધે જો કોઈ પ્રશ્નો ઉદ્ભવે તો આ બાબત ઔડાનો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

૧૩. ઈ-ઓક્શનના અંતે જે-તે ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફર મુજબ ટેન્ડર જે તે મહત્તમ ઓફરદારને ફાળવવા બાબતે સક્ષમ સત્તાની મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઇએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ સેલ્ફ એટેસ્ટેડ(સ્વ-પ્રમાણિત) કરી ટેન્ડર ડોકયુમેન્ટમાં સૂચવેલ જગ્યાએ પોતાના નામ, સહી, હોદ્દો તથા સિક્કા સાથેની હાર્ડ કોપી દિન-૭(સાત)માં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની એસ્ટેટ શાખા, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે રજૂ કરવાની રહેશે. એજન્સી દ્વારા ટેન્ડર કમ ઓક્શનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધીના કોઈ પણ તબક્કે પોતાના ભાવ પરત ખેંચી શકશે નહી.

૧૪. ટેન્ડર એલોટ કરવા અંગેની સક્ષમ સત્તાની મંજુરી મળ્યા બાદ અત્રેથી લેખિત/ઈ-મેઇલ/SMS/વોટ્સએપ સિસ્ટમથી જાણ કરવામાં આવે ત્યારથી દિન-૭(સાત)માં નીચે મુજબની વિગતો જમા રજૂ કરવાની રહેશે.

(એ) ટેન્ડરરને મંજુર કરેલ પ્રથમ વર્ષની લાયસન્સ ફીના ૨૫% લેખે સિક્યોરીટી ડીપોઝીટ અંગે ડીડી કે ઓનલાઈનના વિકલ્પે રાષ્ટ્રિયકૃત બેંક દ્વારા ઇસ્યુ કરાયેલ બેંક ગેરંટી પ્રવર્તમાન નિયમો મુજબના નિયત ફોરમેટમાં નિયત રકમના નોન-જ્યુડીસીયલ સ્ટેમ્પ પેપર ઉપર "મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા અમદાવાદ"ના તરફે ઇસ્યુ કરાવી રજૂ કરવાની રહેશે (જે અત્રેથી ગ્રાહ્ય રાખ્યે સ્વીકાર્ય બનશે.) જે અંગે નાણાં ખાતાના જે તે સમયે અમલી સરક્યુલર મુજબની બેંન્કોની બેંન્ક ગેરંટી સ્વીકારવામાં આવશે. સદરહુ બેન્ક ગેરંટી ટેન્ડર એલોટ કરવામાં આવે તે મુજબ પૂર્ણ થતાં સમયગાળાથી ૬(છ) માસ વધુ સમય સુધીના સમયગાળા સહિતની,

(બી) વાર્ષિક લાયસન્સ ફીની રકમ ૧ થી ૫ વર્ષના સમયગાળા માટે સરખી રહેશે.

પ્રતિ વર્ષની લાયસન્સ ફીની રકમ ઉપર અમલી જી.એસ.ટી.ની રકમ સહિતના (જો જી.એસ.ટી. નંબર ન હોય તેવા કિસ્સાઓમાં), પ્રથમ વર્ષની કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક), બીજા વર્ષની કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક), ત્રીજા વર્ષની કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ

PDC ચેક), ચોથા વર્ષની કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક), પાંચમાં વર્ષની કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક), એમ કુલ પ્રથમ ૫(પાંચ) વર્ષ માટેના તમામ વાર્ષિક સમયગાળા શરૂ થતાના દિન-૭(સાત) અગાઉની તારીખના (કુલ-૫(પાંચ) નંગ) PDC ચેક ઔડામાં જમા કરાવવાના રહેશે. (જે અત્રેથી ગ્રાહ્ય રખાયે સ્વીકાર્ય બનશે.) જેમાં પ્રથમ વર્ષની કુલ ભરવાપાત્ર રકમના હિસાબે પ્રથમ વાર્ષિક ધોરણે થતી રકમનો PDC ચેક ઔડામાં જમા થયેથી એલોટમેન્ટ લેટર અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(સી) ઉપરોક્ત જણાવ્યા અનુસારની રકમો ડિમાન્ડ લેટર આપ્યેથી દિન-૭(સાત) ની મુદતમાં જમા કરાવવા/ભરવામાં નહી આવે તો વાર્ષિક ૧૮% લેખે લેટ પેમેન્ટ ચાર્જ સહિતની રકમો મહત્તમ ૧(એક)માસ સુધી જ ભરવાપાત્ર રહેશે. સદર ૧(એક) માસની સમયમર્યાદામાં નાણાં ભરવામાં આવશે તો પણ અત્રેથી નક્કી કરેલ મુદત મુજબ જ પરવાના પત્ર માન્ય ગણાશે.

(ડી) અત્રેની માંગણી મુજબનાં ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે.

૧૫. કોઇપણ સંજોગોમાં માંગણા મુજબની રકમ/ચેક અત્રે ગ્રાહ્ય રખાયે/એડવાન્સ જમા થયા બાદ જ, જે-તે વાર્ષિક ગાળા માટે પરવાનાની મુદ્દત માન્ય ગણાશે. ભરવાપાત્ર રકમના વાર્ષિક ગાળાના ચેક/નાણાં તથા જરૂરી ડોક્યુમેન્ટસ/વિગતો ઔડામાં જમા થાય નહી ત્યાં સુધી ઓફરદાર સાઈટ ઉપર કોઈપણ પ્રકારે જાહેરાત કરી શકશે નહી.

૧૬. ઉપરોક્ત મુજબની વિગતે, અત્રેની માંગણી મુજબનાં ડોક્યુમેન્ટસ દિન-૭(સાત)માં તથા ઉપરોક્ત જણાવેલ રકમો ૦૧(એક) માસમાં ભરી પહોંચ રજૂ કરવામાં નહી આવે તો ઓફરદારને ટેન્ડર લેવામાં રસ નથી તેમ માની તેઓને ડિસ્ક્વોલીફાઇડ ગણી ભરવામાં આવેલ અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) જપ્ત કરવામાં આવશે. વધુમાં, અન્ય કોઈ સંજોગોમાં જેમ કે, ટેન્ડર એલોટ કરવામાં આવે તે પહેલાં ઓફરદાર ટેન્ડર છોડવા રજૂઆત કરશે કે બીજી કોઈપણ રીતે ડિસ્ક્વોલીફાઈડ થશે તો, વિગેરે સંજોગોમાં પણ તે બિડરની ભરવામાં આવેલ અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) જપ્ત કરવામાં આવશે.

૧૭. ટેન્ડરર દ્વારા ચાલુ ટેન્ડરની મુદત પુર્ણ થાય તે પહેલાં ટેન્ડર છોડી દેવામાં આવશે કે બીજી કોઇપણ રીતે ડિસ્ક્વોલીફાઇડ થશે તો, વિગેરે સંજોગોમાં પણ ટેન્ડરરને ડીસ્ક્વોલીફાઈડ ગણી તે ટેન્ડરરની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૮. અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) અને/અથવા સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કર્યા બાદ પણ જો બાકી નીકળતા લેણાં જણાવેલ સમયમર્યાદામાં ભરવામાં ન આવે તો ટેન્ડરરને બ્લેક લિસ્ટ કરવામાં આવશે.

૧૯. પરવાનાની મુદત ૦૫(પાંચ) વર્ષની રહેશે, ત્યારબાદ મુદ્દત લંબાવવા ઈચ્છતા પરવાનેદાર દ્વારા "સદર પાંચ વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળો શરૂ થતા પહેલા" લેખીત રજૂઆત કરવાની રહેશે. સદર બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાની મંજુરી થશે

વધુ બીજા બે વર્ષ સુધી (૫+૧+૧=૭) મુજબ વધારી શકાશે. માન. મુખ્ય કારોબારીશ્રીની જે મંજુરી મુજબ,

છઠ્ઠા વર્ષ માટે મંજુરી થયેલ હોય તો, પાંચમાં વર્ષની લા.ફી.ની રકમમાં ૧૦%ના વધારા મુજબ છઠ્ઠા વર્ષની લાયસન્સ ફીની રકમ તથા તે લાયસન્સ ફીની રકમ ઉપર અમલી જી.એસ.ટી.ની રકમ સહિત કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક) તથા,

જો સાતમાં વર્ષ માટે પણ મંજુરી થયેલ હોય તો, પાંચમાં વર્ષની લા.ફી.ની રકમમાં ૧૦%ના વધારા મુજબ સાતમાં વર્ષની લાયસન્સ ફીની રકમ તથા તે લાયસન્સ ફીની રકમ ઉપર અમલી જી.એસ.ટી.ની રકમ સહિત કુલ ભરવાપાત્ર રકમના વાર્ષિક ધોરણે થતી રકમના (૧-એક નંગ PDC ચેક),

એમ મંજુરી થયા મુજબના વર્ષ માટેના તમામ વાર્ષિક ગાળા શરૂ થતાના દિન-૭(સાત) અગાઉની તારીખના જમા કરાવવાના થતાં PDC ચેક (માત્ર છઠ્ઠા વર્ષ માટે મંજુરી થાય તો તે ધોરણેના ૧-એક નંગ અને જો સાતમાં વર્ષની મંજુરી થાય તો તે ધોરણેના બીજા ૧-એક નંગ) ઔડામાં જમા કરાવવાના રહેશે. (જે અત્રેથી ગ્રાહ્ય રાખ્યે સ્વીકાર્ય બનશે.) જેમાં છઠ્ઠા વર્ષની કુલ ભરવાપાત્ર રકમના હિસાબે પ્રથમ વાર્ષિક ધોરણે થતી રકમનો PDC ચેક ઔડામાં એડવાન્સમાં(છઠ્ઠું વર્ષ શરૂ થતાં પહેલાં) જમા કરાવવાનો રહેશે.

ઉપરોક્ત મુદ્દત વધારાની મંજુરી થાય તો તે સંજોગોમાં રજૂ કરાયેલ સિક્યોરીટી ડિપોઝીટને મંજુરી મુજબના આગામી એક/બે વર્ષની મુદ્દત માટે (આગળ જણાવેલ નિયમ/શરત અનુસાર) નવી/રીન્યુ કરાવી એડવાન્સમાં રજૂ કરવાની રહેશે. જે મુજબની વિગતો/ડોક્યુમેન્ટસ તથા છઠ્ઠા વર્ષની કુલ ભરવાપાત્ર રકમના હિસાબે પ્રથમ વાર્ષિક ધોરણે થતી રકમનો PDC ચેક ઔડામાં જમા થયેથી મુદ્દત વધારા બાબતે પત્ર પાઠવવામાં આવશે.

૨૦. જે અરજદારશ્રી/એજન્સી પાસે જી.એસ.ટી. નંબર ન હોય તેવા કિસ્સામાં જી.એસ.ટી.ની રકમ ઔડામાં જમા કરાવવાની રહેશે. ઉપરાંત સરકારી/અર્ધ સરકારી/કોર્પોરેશનના તમામ પ્રકારના વખતો વખત લાગુ પડતા કરવેરા તથા લાયસન્સ ફી અરજદારશ્રી/એજન્સીએ ભોગવવાના રહેશે.

૨૧. રીટર્ન/રીજેક્ટ થયેલ PDC ચેક માટે ભરવાની થતી ૫%(ચેક રકમની)/વહીવટી ચાર્જ/પેનલ્ટી એજન્સી/ પરવાનેદારે ભરવાની રહેશે. આ સંજોગોમાં મહત્તમ એક માસ સુધીના વિલંબિત ગાળા માટે લાયસન્સ ફીની નહી ચૂકવાયેલ રકમ પર વાર્ષિક ૧૮% મુજબના સાદા વ્યાજ સહિત ભરવાની રહેશે. સદરહુ રકમો **૦૧(એક) માસમાં ભરવામાં નહી આવે તો જમા કરાવવાપાત્ર રકમ રજુ કરેલ** સિક્યોરીટી ડીપોઝીટમાંથી જપ્ત કરવામાં આવશે. તેમજ ઔડાની સક્ષમ સત્તા દ્વારા બ્લેકલિસ્ટ કરવા અંગેની આનુસાંગિક કાર્યવાહી કરવામાં આવશે.

૨૨. એક કરતાં વધુ ઓફર/બિડ આવેલ હશે તે સંજોગોમાં હાઈએસ્ટ બિડર ડિસકવોલીફાઈડ થતાં સદર ઓકશનમાં સેકન્ડ તથા થર્ડ હાઈએસ્ટ બિડરને તેઓએ આપેલ ઓફર સંદર્ભે માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાની મંજુરીને આધિન નેગોશીયેશન માટે જાણ કરવામાં આવશે. જેમાં સેકન્ડ/થર્ડ હાઈએસ્ટ બિડરની ઓફર, જો હાઇએસ્ટ બિડરની ઓફરના ૧૫% કરતાં ઓછી હશે તો સંબંધિત સેકન્ડ/થર્ડ બિડરને તે ટેન્ડર એલોટ કરવા માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાનો નિર્ણય માગવામાં આવશે. અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે.

૨૩. ઈ-ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ ત્રણ હાઈએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુર થયેલ બિડરને એલોટમેન્ટ લેટર ઇસ્યુ થયા બાદ મંજૂરી મળ્યેથી પરત કરવામાં આવશે. પ્રથમ ત્રણ બિડરો સિવાયના અન્ય બિડરોની અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) ટેન્ડર કમ ઓક્શનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજૂરી મળ્યેથી પરત કરવામાં આવશે.

૨૪. ઈ-ટેન્ડર કમ ઈ-ઓકશન સમયે/અંગે કે તે બાદ કોઇપણ વાદ વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઈ વિસંગતતા જણાઇ આવશે તો તે અંગે માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાનો નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. કોઈપણ કારણ આપ્યા વિના ટેન્ડર ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી, તે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાની મનસુફી પર નિર્ભર રહેશે.

૨૫. ઈ-ઓક્શનમાં કોઈ ભાગ લેવામાં નહી આવે/કોઇ બીડ નહી આવે તો તે સંજોગોમાં રી-ટેન્ડર કરવુ કે નહી તે બાબતે તથા જે તે સાઇટ ફાળવવી કે નહી તે બાબતેનો મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા દ્વારા જે નિર્ણય લેવાય તે તમામને કબુલ-મંજુર/બંધનકર્તા રહેશે.

૨૬. ઔડામાં કોઇપણ પ્રકારના જમા/ભરેલ નાણાં ઉપર કોઈ પણ સંજોગોમાં કોઇ જ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

૨૭. પરવાનાની મુદત દરમિયાન, ટેન્ડરની તમામ શરતો તથા વખતોવખતની સૂચનાઓનું પાલન કરવા પરવાનેદાર બંધનકર્તા રહેશે.

૨૮. ઔડાની જરૂરીયાતનાં અનુસંધાને જરૂર જણાયે અત્રેથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાની સુચનાને આધિન સાઈટ બંધ કરવાની રહેશે અને ઔડા દ્વારા અન્ય જગ્યા ફાળવવામાં આવે ત્યાં સ્થળાંતર કરવાનું રહેશે આ માટે કોઈ વિવાદને સ્થાન રહેશે નહીં.

૨૯. અત્રેની અમલીકરણ શાખાનાં અભિપ્રાય નજરે જે તે સાઈટની જગ્યા બદલવાની જરૂરીયાત પડે ત્યારે અરજદારે સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે તથા ઔડાના વિકાસનાં કામોને નડતરરૂપ વિના વિલંબે દુર કરવાની રહેશે.

૩૦. **<u>સરદાર પટેલ રીંગરોડ પર આવેલ બ્રિજ નીચેના પિલ્લર્સ પર સાઈનેજ લગાવવાના રહેશે. જેની સાઈઝ અંદાજીત ૧૦ X ૬ ફુટ રહેશે.</u>** જેની ડીઝાઈન ટેન્ડરરે ઔડાના અમલીકરણ શાખામાં મંજુર કરાવવાની રહેશે તથા તેનું સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ જમા કરાવવાનું રહેશે.

૩૧. સરદાર પટેલ રીંગરોડ પર આવેલા બ્રીજ પર લગાવવામાં આવતા સાઈનેજના ટકાઉ પણા અંગે સરકારશ્રી દ્વારા માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયરની ડીઝાઈન સહીત સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે. અકસ્માતને કારણે જાનહાની કે માલ-સામાનને નુકશાન થાય તે અંગેની જવાબદારી ટેન્ડર મળેલ કંપનીની રહેશે.

૩૨. પીલ્લર્સ ઉપર જાહેરાતનાં સાઈનેજ જમીન લેવલથી ઓછામાં ઓછી ત્રણ મીટરની ઉંચાઈએ ગોઠવવાનું રહેશે, અમદવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા)એ નક્કી કરેલી નિતિ પ્રમાણે વર્તવાનું રહેશે.

૩૩. સાઈનેજ મજબુત અને લગાડતા પહેલા કાટ ન લાગે તે માટે રંગથી રંગેલા અને ફક્ત સ્ક્રુ (નટબોલ્ટ) કાઢવાથી ઉતારી શકાય તેવી રચનાવાળું હોવું જોઈએ.

૩૪. કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીના કાર્યક્રમો કે રાષ્ટ્રીય કામગીરી, સરકારશ્રીની સુચના અનુસાર કાર્યક્રમો તેમજ ઔડાના કાર્યક્રમ માટે જરૂરીયાત મુજબની સાઈટો ઉપર જાહેર હિતમાં ઔડાની સૂચના મુજબ જાહેરાત કરી આપવાની રહેશે. આ બાબતે જે તે પરવાનેદાર વાંધો કે તકરાર કરી શકશે નહી. આ અંગે કોઇ વળતર/ રીફંડ/ગ્રેસ આપવામાં આવશે નહી.

૩૫. આ ટેન્ડરમાં એજન્સીઓએ અપસેટ ભાવથી ઊંચા ભાવો આપવાના રહેશે. અપસેટ ભાવથી નીચા ભાવના ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં.

૩૬. બ્રીજ નીચેના પિલ્લર્સ ઉપર જાહેરાત માટે ૫(પાંચ) વર્ષ સુધી કોન્ટ્રાકટ આપવામાં આવશે. કામગીરી સારી જણાશે તો સક્ષમ કક્ષાએથી જરૂરી મંજુરી મેળવીને ટેન્ડરના પરવાનો વધુ ૧+૧ વર્ષ વધારી આપવામાં આવશે.

૩૭. જે ટેન્ડર/સાઈટનો ઉપયોગ કરવાનો પરવાનો આપ્યો હોય તે ટેન્ડર/સાઈટ જાહેર હિતમાં જરૂર જણાશે કે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના ઉપયોગ માટે જરૂર પડશે તો પરવાનાની મુદત દરમ્યાન કોઈપણ સમયે, પરવાનો લેનારને એક માસની નોટીસ આપી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા પરવાનો રદ કરી શકશે. જેમાં પરવાનેદાર કોઇપણ પ્રકારના વળતર માટે હક્કદાર રહેશે નહી.

૩૮. પરવાનેદારે મુકેલું કોઈપણ સ્ટ્રકચર/ભાગ, વાહનવ્યવહાર/અન્ય દ્રષ્ટિએ અડચણરૂપ કે વાંધાજનક જણાયેથી, સદર સ્ટ્રકચર/ભાગ નિયમાનુસાર કરવા/ખસેડી લેવા માટે પરવાનેદારને દિન-૭(સાત)ની મુદતની નોટીસ આપવામાં આવશે. નોટીસમાં સૂચવ્યા અનુસારની કાર્યવાહી કોઈપણ જાતનો વાંધો લીધા સિવાય પરવાનેદારે પૂર્ણ કરવાની રહેશે. જો તેમ કરવામાં કસુર કરશે તો ઔડા દ્વારા પરવાનેદારના ખર્ચે અને જોખમે તે સ્ટ્રકચર/ભાગ ઉતારી નાખવામાં આવશે.

૩૯. પરવાનેદારે સાઈનેજનું સ્ટ્રકચર ઉભુ કરવા અંગે તથા તેના પર જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. તથા સરકારશ્રી કક્ષાએથી વખતોવખત માન્યતા મળ્યા અનુસાર વર્તવાનું રહેશે. વધુમાં, કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. તથા સરકારશ્રી કક્ષાએથી વખતોવખત માન્યતા મળ્યા અનુસાર જે કોઇ નિર્ણય લેવાય કે ફેરફારો થાય અને તે સંદર્ભે ઔડા જે નિર્ણય કરે તેને આધિન વર્તવાની શરતે પરવાનો આપ્યો હોવાનું ગણાશે.

૪૦. ટેન્ડર ઓફર આપવાની છેલ્લી તારીખની સ્થિતિએ ટેન્ડરરે/બીડરે/ઓફરદારે, ટેન્ડર ડોક્યુમેન્ટ તથા સ્થળ સ્થિતિ સહિતની ઉલ્લેખિત અને અન્ય સંબંધિત બાબતો તપાસીને જ ત્યારબાદ ઓફર આપવાની રહેશે.

૪૧. પરવાનાની મુદત પૂર્ણ થયેથી પરવાનેદારે પ્રદર્શિત થતી જાહેરાત દૂર કરી સલામત સ્ટ્રકચર ઔડાને વિના વળતરે સુપ્રત કરવાનું રહેશે જે સ્ટ્રકચર ઔડાની માલિકીનું ગણાશે. જો તેમ કરવામાં કસૂર કરશે તો તે બાબતે જે કોઇ ખર્ચ થશે તે પરવાનેદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

૪૨. કોઈપણ સંજોગોમાં બે બોર્ડ ઉપર સળંગ જાહેરાત કરી શકાશે નહી. સળંગ જાહેરાત માલુમ પડે તેવા સંજોગોમાં દંડનીય રકમ પેટે રૂા.૫૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) પ્રતિ દિવસ લેખે પરવાનેદાર પાસેથી વસુલવામાં આવશે. તેમજ ત્યારબાદ પણ સળંગ જાહેરાત પ્રદર્શિત કરવામાં આવેલ હશે/આવશે, તો પરવાનેદારને વિના નોટીસે/જાણ કર્યે ઔડા દ્વારા જાહેરાત દૂર કરવામાં આવશે અને તેનો વહીવટી ચાર્જ પણ પરવાનેદાર પાસેથી વસુલવામાં આવશે.

૪૩. સાઈનેજનાં સ્ટ્રકચરને પરવાનાની મુદત દરમિયાન કલર તથા મરામત અને જાળવણી કરી સુશોભિત કરવાની રહેશે તથા તમામ સ્ટ્રકચરનો મુળભુત હેતુ જળવાઈ રહે તે હેતુથી વાર્ષિક ધોરણે કલર તથા મરામત અને જાળવણી કરી સુશોભિત રાખવાનાં રહેશે. જેનો ખર્ચ પરવાનેદારે ભોગવવાનો રહેશે.

૪૪. ટેન્ડરમાં જણાવેલ જે સાઈનેજ પ્રકાશિત કરી જાહેરાત કરવાની જરૂર જણાય તેવા કિસ્સામાં વીજ કનેક્શન મળી શકે તેમ છે કે નહી, તે પ્રથમથી જ પરવાનદારે ચકાસી લેવાનું રહેશે. આ અંગે બીડ ભરાયા બાદ માત્ર આ જ કારણથી કોઈ ફરિયાદ કરી શકાશે નહી. વીજ કનેકશન પરવાનેદારે સ્વખર્ચે અને સ્વપ્રયત્ને નિયમસર મેળવવાનું રહેશે. થનાર વીજ ખર્ચ જે તે પરવાનેદારે ભરવાનો રહેશે. જે અંગે કોઈપણ પ્રકારનાં બાકી ચૂકવણાંની ભરપાઈ કરવાની જવાબદારી પરવાનેદારના શીરે રહેશે તેમજ થયેલ ખર્ચ અંગેનું વળતર પરવાનેદાર માંગી શકશે નહિ.

૪૫. જાહેરાતના હેતુ માટે હયાત કે ઉભા કરવામાં આવેલ સાઈનેજના સ્ટ્રક્ચરની સ્ટેબીલીટીની જવાબદારી પરવાનેદારની રહેશે. સ્ટ્રકચર સ્ટેબીલીટી અંગે ઔડાના માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર પાસેથી પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર.માં જણાવ્યા મુજબનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. વીન્ડ લોડ, સીસ્મીક લોડ, ડેડ લોડ વિગેરેને ધ્યાનમાં લઈ હોર્ડીંગ્સની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાય તે પ્રમાણેની મજબુતાઇવાળા સાઈનેજ ઉભાં કરવાનાં રહેશે, તેના પડી જવાથી કે બીજી કોઈપણ રીતે કોઇ જાનમાલ કે મિલકતને થયેલ નુકસાનીની જવાબદારી પરવાનેદારની રહેશે. સદર બાબતે સાઈનેજની બનાવટ, સલામતી અને જાળવણી તથા તેના ઉપયોગ અંગે પ્રવર્તમાન કાયદેસરની તમામ જોગવાઈઓનું પાલન થાય તેની ખાસ કાળજી ટેન્ડરરે રાખવાની રહેશે. સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટિફિકેટ પ્રત્યેક વર્ષે તથા સત્તામંડળ દ્વારા સૂચવાય ત્યારે નવેસરથી રજૂ કરવાનાં રહેશે.

૪૬. કરંટ, આગ, અકસ્માત જેવા માનવસર્જિત કે કુદરતી આફતોથી નુકશાન કે માલ-મિલ્કત કે માનવ જાનહાની થાય તો તેની સઘળી જવાબદારી જે તે પરવાનેદારની રહેશે તથા થનાર ખર્ચ તથા નુકશાનીની રકમ જે તે પરવાનેદારે ભોગવવાનો રહેશે. સુરક્ષા-સલામતીના તમામ ધોરણો માપદંડોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪૭. સી.જી.ડી.સી.આર.નાં કલોઝ નં.૨૦.૧.૧ મુજબ ઇલેક્ટ્રીક ગ્રીડ લાઈનથી સાઈનેજના સ્ટ્રક્ચરનુ મીનીમમ કલીયરન્સ જાળવવાનું રહેશે.

૪૮. એસ્ટેટ ખાતાના અભિપ્રાય મુજબ કોઈ સ્ટ્રકચર ભયજનક સ્થિતિમાં/તકલાદી હાલતમાં હશે તો તે વગર નોટીસે ઉતારી નાંખવામાં આવશે. તે બાબતનો તમામ ખર્ચ તથા નુકશાનીની રકમ પરવાનેદારે ભોગવવાની રહેશે. આ બાબતની નુકશાની પરવાનેદાર માંગી શકશે નહિ. આ બાબતે કોઈપણ તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી. આ સબંધિત કામગીરી ટેન્ડરરના ખર્ચે અને જોખમે કરતાં, તે ઔડા સહિતનાં પક્ષકારોને થતાં નુકશાનની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૪૯. પરવાનાવાળી જગ્યા ઉપર અયોગ્ય, અસામાજીક તથા સાંસ્કૃતિક મૂલ્યોને વિપરિત અસરકારક, અરૂચિકર, ગુનાઈત પ્રવૃત્તિનો પ્રભાવ વધતો હોય તેવા તેમજ અશ્લિલ કે બીજી કોઈપણ રીતે વાંધાનજક ઠરાવેલ હોય તેવી જાહેરાત કરી શકાશે નહિ. ચૂંટણી આચારસંહિતા સમય સિવાય રાજકીય જાહેરાત માટે આ માધ્યમનો ઉપયોગ કરવાનો નથી તથા રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત જાહેરાતો પણ કરી શકાશે નહિ. પરવાનેદારે પોતાને સોંપાયેલ સાઈટની સલામતી અને વ્યાજબીપણે તેનો ઉપયોગ થાય તે બાબતે સતત દેખરેખ રાખવાની રહેશે. આ અંગે બેકાળજી સાબિત થશે તો આવી એલોટ કરાયેલ સાઇટનો પરવાનો તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે તેમજ તે સાઇટ સંદર્ભે જમા સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી આનુષાંગિક પગલાં લેવામાં આવશે.

૫૦. ચૂંટણી આચારસંહિતા સમય દરમ્યાન જો વગર મંજુરીએ સાઈનેજ પર રાજકીય પક્ષો દ્વારા લખાણ, ધજા, પતાકા વિગેરે લગાડવામાં આવે તો તે પરવાનેદારે તાકીદે તેમના ખર્ચે અને જોખમે દૂર કરવાનાં રહેશે. આવા ટેન્ડરર સામે શિસ્તભંગનાં પગલાં લેવામાં આવશે.

૫૧. મુદત વિત્યા બાદ પણ જો જાહેરાત ચાલુ હશે કે જો કોઈ શરતનો ભંગ કરવામાં આવશે તો માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

૫૨. કુદરતી આપત્તિના સંજોગોમાં સરકારશ્રી કે હવામાન ખાતા કે સ્થાનિક વ્યવસ્થા તંત્ર દ્વારા જાહેર કરાતી આપાત્કાલીન સ્થિતિ વિગેરે ધ્યાને લઈ સાઈનેજ અંગે જાહેર હિતમાં તમામ સલામતીનાં પગલાં તાકિદે લેવાનાં રહેશે. જેમાં વાવાઝોડા જેવા સંજોગોની પૂર્વ સૂચના/ચેતવણી જાહેર કરાય તો તેને અનુરૂપ અગમચેતીના ભાગરૂપે જે કોઇ લેવા યોગ્ય કે સૂચવાય તે મુજબનાં તમામ પગલાં પરવાનેદારે તાકીદે લેવાનાં રહેશે.

૫૩. ઔડા દ્વારા કોઇ પણ કારણથી સ્ટ્રક્ચર ખસેડવા જાણ કર્યા છતાં ટેન્ડરર ન ખસેડે કે ટેન્ડરની કોઈપણ શરતનું ટેન્ડરર પાલન ન કરે તો, ઔડા સંબંધિત પરવાનેદારના ખર્ચે અને જોખમે સદરહુ ટેન્ડર ટેન્ડર/ સાઈટ સ્ટ્રકચર સહિત દૂર કરી જપ્ત કરી આ અંગે પેનલ્ટી સહિતનો વહીવટી ચાર્જ પરવાનેદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

૫૪. ઉપરોક્ત તમામ ટેન્ડર સાઇટોની અને ઈ-ટેન્ડર કમ ઇ-ઓકશન વિષયક સૂચનાઓ, શરતો, ટેન્ડર ડોક્યુમેન્ટસની કે અન્ય કોઇપણ બાબતેના અર્થઘટન અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડાનો નિર્ણય આખરી અને પરવાનેદારને બંધનકર્તા રહેશે.

૫૫. વાદ-વિવાદ અંગે આર્બિટ્રેશન અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ (૧૯૯૬ ના ૨૬) અથવા કોઇપણ કાયદાકીય જોગવાઇઓ અનુસાર આર્બિટ્રેશન માટે કાર્યવાહી કરવામાં આવશે. આર્બિટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને આર્બિટ્રેશનનું અધિકારક્ષેત્ર/સ્થળ અમદાવાદ જ રહેશે.

સહી કરનારનું નામ તથા હોદ્દો :-

સંસ્થાનું નામ / સિક્કો:.....

સંસ્થાનું સરનામુ / સિક્કો:.....

તારીખ :-

(જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું, નોટરાઈઝ)

બાંહેધરી તથા એકરારનામું

આથી હું/અમો નીચે સહી કરનાર (ટેન્ડરર/પ્રતિનિધિનું પૂરુ નામ).....એજન્સી/સંસ્થાનું નામ:..... એજન્સી/સંસ્થાનું પુરૂ સરનામું: ..... હોદ્દો:..... ટેન્ડર નંબર..... માં ઓનલાઈન ઓફર/બીડ અંકે રૂપિયા..... (શબ્દોમાં)..... ઓફર આપેલ છે. ટેન્ડર ફોર્મમાં જણાવેલ વિગતો, ઈ-ટેન્ડર કમ ઈ-ઓક્શન તથા ટેન્ડર સાઈટોની શરતી, ટેન્ડર ડોક્યુમેન્ટસની વિગતો, તમામ સૂચનાઓ/નિયમો સહિતની બાબતો અમોએ પૂરેપૂરી વાંચી, સમજી, વિચારી અને ચકાસી છે. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે. જે મુજબ વર્તવાની બાંહેધરી આપી ઈ-ઓક્શનમાં ઓફર આપેલ છે. આ ઓફર માટે ઉપરોક્ત જણાવેલ ટેન્ડર બાબતે ટેન્ડર ફોર્મ ફી અને અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD)ની નિયત રકમ ભરેલ છે.

ઉપરોક્ત વિગતો કબૂલ-મંજુર-સ્વીકારી તથા લાયસન્સ ફી સહિતના નિયમાનુસારનાં ચૂકવણાં સમયસર કરવા સહિતની અમો બંધનકર્તા હોવાની સોગંદપુર્વક બાંહેધરી આપીએ છીએ.

બાંહેંધરી તથા એકરારનામું આપનાર ટેન્ડરર/પ્રતિનીધીની સહી :-

ટેન્ડરર/પ્રતિનીધી એજન્સી/સંસ્થાનો સિક્કો :-.....

ટેલીફોન નં.(ઓ.)..... મોબાઈલ નંબર :.....

ઈ-મેઈલ :.....

વોટસએપ નંબર :.....

તારીખ :-

સ્થળ :-

Anti Blacklisting Information

Formate for Affidavit certifying that Bidder is not blacklisted

(On a Stamp paper)

I M/s,.....(name and address of the registered office) hereby certify and confirm that I or any of our promoter/s/directore/s are not barred by Government of Guja rat (GoG)/ any other entity of GoG or blacklisted by any state government or central government/department/department/agency in India or from abroad from participating in Project/s, either individually or as member of a (Bid Submission Date). We further confirm that Consortium as on the..... we are aware that our bid for the captioned tender would be liable for rejection in any case any misrepresentation is made or discovered with regard to the requirements of this tender at any stage of the bidding process or thereafter Day of.....20..... during the agreement period. Dated

<Name of the Bidder>

<Signature of the Authorized person>

<Name of the Authorized person>